सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૧૭/૦૧/૨૦૨૪** |
| **નોંધ્યા તારીખ** | **૧૭/૦૧/૨૦૨૪** |
| **નિકાલ તારીખ** | **૦૯/૦૩/૨૦૨૪** |
| **સમયગાળો** | **વર્ષ ૦૦ માસ ૦૧ દિન ૨૧** |

**********************************************************

**બીજા એડી. ચીફ જ્યુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

**********************************************************

**ક્રિમીનલ કેસ નંબર :** ૧૦૫/૨૦૨૪
**આંક :** ૦૪

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : વાલ્મિકી મોરારભાઈ મગનભાઈ, ઉ.વ.આ.૪૩,
રહે.અજીમાણા, પરામાં વાલ્મિકી વાસ,
તા.જી.પાટણ.

**ગુન્હો** : ઈન્ડીયન પીનલ કોડની (ઈ.પી.કો) કલમ-૨૮૩ મુજબ.

**-:જજમેન્ટ:-**

૧. હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૬:૪૫ વાગ્યાના સુમારે મોજે પાટણ ટાઉન સીવીલ હોસ્પિટલ પાસે જાહેર રોડ ઉપર પોતાના કબજા હવાલાની રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી. નંબર જી.જે.૦૧.ટી.એ.૦૬૯૭ ની આવતા જતા રાહદારી તથા વાહનોને અડચણરૂપ અકસ્માત થાય તે રીતે ભયજનક સ્થિતિમાં ઉભી રાખી પકડાઈ જઈ, ઈ.પી.કો. કલમ-૨૮૩ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આરોપીએ હાજર થઈને આંક-૦૨ થી ગુના કબુલાત પુરસીસ આપી, તેઓનો આ પ્રથમ વખતનો ગુનો છે. તેમજ આરોપી ગરીબ મજુર વર્ગના છે. કુટૂંબ કબીલાવાળા માણસ છે. કુટૂંબમાં કમાવનાર વ્યકિત એક જ છે. આખા પરિવારના કુટૂંબની ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે. આરોપીને કબુલ મંજૂર છે તેમજ આરોપી હવે પછી કયારેય આવો ગુનો નહિ કરે તેમ જણાવી ગુનો કબુલ કરેલ છે.

૩. આ કામે આંક-૦૩ થી આ કામના આરોપીની પ્લી લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતી ને ધ્યાને લઈને, તેમજ ઈન્ડીયન પીનલ કોડની(ઈ.પી.કો) કલમ-૨૮૩ સંજોગો, તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબુલાત ધ્યાને લેતા, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન

નં.૭૦૯, ગુજરાત રાજ્ય વિ.નટવર હરચંદજીના કેસમાં આપેલ માર્ગદર્શીકા મુજબ આરોપીને સુધરવાની તક આપીને આ કામના આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે, દોષિત ઠરાવી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ઈન્ડિયન પીનલ કોડની કલમ-૨૮૩ મુજબ સજાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૦૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીન તથા જાતમુચરકા છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

**(R.B.CHAUHAN)**